Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ.

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્ત્વ વિકાશ;
આત્માને આરામ દે આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૩ જું. વિક્રમ સંવત્ ૧૯૬૨—માહ. અંક ૭ મો.

## પ્રભુસ્તુતિ.

### માલિની.

અગણિત ભવિ [૧]વૃંદો બોધિ બીજે ઊધાર્યા,
[૨]શિવકર ઊપદેશો સર્વ દેશે પ્રસાર્યા;
કુમતિ જન તણા જે દોષ મિથ્યાત્વ ટાળ્યા,
પર મત [૩]વિબુધોના ચિત્તથી ગર્વ ટાળ્યા. ૧
નમુ જિનવર એવા દેવ દેવાધિ દેવા,
ત્રિકરણ કરી શુદ્ધ આચરૂં નિત્ય સેવા;
ભવ જલધિ તરાવો તે પ્રભુ નિત્ય ભાવો,
ભવિક જન સુભાવે તેમના ગુણ ગાવો. ૨

૧ ભવિ જનના સમૂહ. ૨ મોક્ષ કરનાર. ૩ વિદ્વાનોના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ગુરૂસ્તુતિ.

### શાર્દૂલવિક્રિડિત.

જે સ્વર્ગે વિચર્યા તથાપિ જગમાં [1]સદ્ગ્રંથના જીવને,
જીવંતા જયકારિ જીવન ધરે અદૃશ્ય[2] રહેતા જને;
વિદ્યાવત્[3] પરિવાર રૂપ ધરિને જે જગત્માં જાગતા,
આત્મારામ સુરીશ તે જય કરે સ્વર્લોકમાં રાજતા. ૧

## ચોથી જૈન કોન્ફરન્સનું વિજયગીત.

### હરિગીત.

છો વીર પુત્ર પરાક્રમી જિન ધર્મ ધારક ધીર છો,
ગુણરંગ રંગિત અંગ [4] ધરતા [5]અંતરંગ અમીર છો;
મતિ સૌ કરો ઉદ્યોત આ નિજ ધર્મ કેરા કાજનો,
ઈચ્છો સદા જય આપ ભારત વર્ષ જૈન સમાજનો. ૧
પાટણ પધારો પ્રેમથી જિન રાજધાની જ્યાં કરી,
જિન ભક્ત ભૂપ કુમારપાલે ધર્મના ધ્વજને ધરી;
જિન ધર્મની આરાધનાથી જય થયો એ રાજનો,
ઇચ્છો સદા જય આપ ભારત વર્ષ જૈન સમાજનો. ૨
મલી સૌ કરો ઉદ્ધાર [6]સત્વર સ્હાય દઈ સાધર્મિનો,

૧ સારા ગ્રંથ રૂપ જીવનથી જીવતા રહી જયકારી જીવનને ધારણ કરે છે. ૨ લોકોને અદૃશ્ય છે. ૩ વિદ્વાન એવા પોતાના પરિવારને રૂપે જગતમાં જે જાગતા છે. ૪ ગુણરૂપ રંગથી રંગેલા અંગને ધારણ કરતા. ૫ હૃદયમાં અમીર છો. ૬ જલદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગલ પડો ઉદ્યોત કરવા ધર્મના [1]સત્કર્મિનો;
શુભ કર્મ સઘળા સાધવા સાધન કરો સૌ સાજનો,
ઇચ્છો સદા જય આપ ભારતવર્ષ જૈન સમાજનો. ૩
ધનવંત [2]ધારક ધર્મના ત્યાં [3]વિત્તને વર્ષાવજો,
ગૌરવ ભરેલા એજ્યુએટો [4]ગાજીને હર્ષાવજો;
પ્રેમે પસારો દેશમાં જયકાર પાટણ રાજનો,
ઇચ્છો સદા જય આપ ભારતવર્ષ જૈન સમાજનો. ૪
પ્રેમે કરી પાટણ તણા પટણી તણી સેવા [5]ગ્રહો,
સત્કાર લઇ નિજ કાર્ય સાધો છોડી સર્વ દુરાગ્રહો;
બનશો ન પાત્ર પ્રમાદના વિનતી ધરો આ મ્હાજનો,
ઈચ્છો સદા જય આપ ભારતવર્ષ જૈન સમાજનો. ૫
શુભ ધર્મને વ્યવહાર કેરો ઉદય કરવા મન ધરો,
જિન [6]ચૈત્યનો ઉદ્ધાર કરવા ખંતથી આદર કરો;
પ્રાચીન પુસ્તકનો સુધારો હાથ લ્યો બંધુ જનો,
ઈચ્છો સદા જય આપ ભારત વર્ષ જૈન સમાજનો. ૬
જે પ્રસરતા કુરીવાજ હાનિકાર તે દૂરે કરો,
સત્કર્મ બાંધી સદ્દગતિના પંથને લ્યો પાધરો;
આવ્યો સમયતે સાચવો થઈ પુણ્ય કેરા [7]ભાજનો,
ઈચ્છો સદા જય આપ ભારત વર્ષ જૈન સમાજનો. ૭
શૂરવીર થઇ સૌ શ્રાવકો શ્રમ લ્યો મહા ઉત્કર્ષથી,
સત્કીર્તિ ભારત સંઘની સઘળે પ્રસારો હર્ષથી;

---

૧ સારા કર્મ કરનારનો. ૨ ધારણ કરનાર. ૩ દ્રવ્યને. ૪ ભાષણવડે ગાજીને. ૫ સ્વીકારો. ૬ જિનાલય. ૭ પુણ્યના પાત્ર બનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશીષ આત્માનંદ દે જય થાઓ જૈન સમાજનો,
ઇચ્છો સદા જય આપ ભારત વર્ષ જૈન સમાજનો. ૮

શાર્દૂલવિક્રીડિત.

જામો ભારત વર્ષની [1] જયવતી જૈન પ્રજા જોરમાં,
જાગો સત્વર જે પડી રહી હજુ નિદ્રા તણી ઘોરમાં;
કીર્ત્તિ ભારતવર્ષમાં અતિ વધો શ્રી વીરના ધર્મની,
પાડો છાપ જ અન્ય ધર્મિ જનમાં શ્રી જૈનના કર્મની. ૧

# યતિધર્મ અને શ્રાવકધર્મનો સંવાદ.

( દ્વિતીય ખંડ ).

વસંત ઋતુ પ્રવર્ત્તી છે, ગગન તળે વસંતનો પવન વેગથી વાય છે, ભૂમિપર વૃક્ષો નવ પલ્લવિત થઇ રહ્યા છે. કોકિલાઓના કંઠમાં માધુર્ય આવતું જાય છે. ઋતુઓનો રાજા પોતાનું ચક્રવર્ત્તી રાજ્ય જગત ઉપર સ્થાપે છે. વાસંતીલતાઓ યૌવનવયમાં આવતી જાય છે. હોરીઓના ગીત ગાયકોના કંઠમાંથી પ્રગટ થઈ રહયા છે. જૈન મંદિરોમાં પ્રભુની પ્રાર્થના વસંતરાગથી થાય છે. ભાવિક ભોજકો પોતાના મનોહર વાજીત્રો લઇ લઈ ચૈત્ય ભૂમિમાં વસંત રાગની પૂજા ભણાવે છે. ભારતની જૈન પ્રજામાં નવો ઉત્સાહ પ્રવર્ત્તી રહયો છે. શ્વેતાંબરી જૈન કોન્ફરન્સના ચોથા મહોત્સવને માટે તૈયારીઓ થઇ રહી છે. બાલકથી વૃદ્ધ સુધીની જન પ્રજા કોન્ફરન્સનીજ ચર્ચા કરે છે. જૈન મહારાજા કુમારપાલની રાજ-

૧ જયવતી-જયવાલી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધાનીમાં જગતના સમગ્ર સંઘના દર્શન કરવાને જૈનવર્ગ ઉત્સુક થઇ રહયો છે. ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના શિખર પર આરૂઢ થવાના નવા નવા વિચારો જૈન પ્રજા બાંધે છે. પોતાના ઉદયની આશાના તરંગમાં જૈન તરૂણો તરી રહયા છે. પવિત્ર હૃદયના મુનિઓ તે સંબંધી ઉપદેશ આપવાને તત્પર થઇ ગામો ગામ વિહાર કરી રહ્યા છે. અણહિલપુર પાટણની ભૂમિમાં કોન્ફરન્સના જયધ્વનિ થઈ રહ્યા છે. સત્કાર મંડલના અંગ ભુત મહાશયો પોતાના સાધર્મી બંધુઓની સેવા કરવાની હોંશ ધરી આનંદમાં મગ્ન થઈ રહ્યા છે. કુમારપાલની રાજધાની ભારતવર્ષની જૈનપ્રજાને માન આપવા ઉત્સુક થઇ રહી છે.

આ સમયે દિવ્ય રૂપ ધારી બે પુરૂષો આકાશ માર્ગે સામ સામા ચાલ્યા આવે છે, તેઓમાંથી એક શાંત મૂર્ત્તિ, પવિત્ર હૃદય વાલો અને ભવ્યાકૃતિ વાલો હતો. તેનો પ્રેમ સાંસારિક માયિક વસ્તુઓ પર ઉતરી ગયો હતો. બીજો પવિત્ર, શાંત અને તેજસ્વી હતો. તે સાંસારિક માયિક વસ્તુઓપર પ્રીતિવાલા છતાં તેની ઉપેક્ષા રાખતો હતો. તે વૈભવથી સેવ્ય છતાં સેવક ધર્મનો શોખી અને સદા ભક્તિ રસનો ભોગી હતો.

વાંચનાર, આ બંને પુરૂષોને તમે ઓળખો છો. આજથી બે વર્ષ પહેલા તેઓને આત્માનંદ પ્રકાશે તમને મુંબઇની કોન્ફરન્સમાં ઓળખાવ્યા હતા. તેઓના નામ **યતિધર્મ અને શ્રાવકધર્મ છે.** તે બંને ધર્મવીર પ્રત્યેક વર્ષે ભારતવર્ષના જૈન સમાજના દર્શન કરવાને આવે છે. ગુજરાતની રાજધાનીમાં તેઓ આવ્યા હતા, પણ અંતરીક્ષમાંથીજ ચાલ્યા ગયા હતા. આ વખતે પાછા તેઓ, ઉત્સાહથી આવ્યા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ બંને સામા મલ્યા અને તેઓએએક બીજાને સત્વર ઓલખી લીધા. શ્રાવકધર્મે ભક્તિ રસથી યતિધર્મને વંદના કરી. યતિધર્મે ગુરૂરૂપે તેને ધર્મલાભની આશીષ આપી. અને તેની ગુરૂ ભક્તિ જોઇ હૃદયમાં પવિત્ર પ્રેમ ઉત્પન્ન થયો. બને દિવ્ય પુરૂષોએ નવકાર મંત્રથી આત્મચિંતન કર્યું અને તે પછી તેઓની વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ શરૂ થયો.

**યતિધર્મ**—ભદ્ર, તમારા દેખાવ ઉપરથી તમે ખુશીમાં લાગો છો. તમારૂં ગમન કયા ઉદ્દેશથી છે ? તે પણ પ્રસંગને લઇ મારા જાણવામાં આવ્યું છે. એટલે તે વિષે કાંઇ પુછવાનું નથી, તથાપિ તમારી મુખ મુદ્રા ઉપર જેવો હર્ષ દેખાય છે, તેવો તેની સાથે શોક પણ ઝાંખો ઝાંખો જણાઇ આવે છે ? તેનું શું કારણ છે ?

**શ્રાવકધર્મ**—( અંજલિજોડી ) પૂજ્ય શ્રી, આપને જે શંકા થઈ તે સત્ય છે. તે વિષે હું આપને પછી જણાવીશ. પરંતુ આપને પણ મારે પુછવાનું છે કે, આપે જે હેતુથી મારા ગમનને માટે કલ્પના કરી છે, તેજ હેતુને લઇને આપના ગમનને માટે મારી પણ કલ્પના છે, તથાપિ મુનિઓના વિહાર પ્રતિબંધ રહિત હોય છે, તો આપનો વિહાર કયા હેતુથી છે ? તે કૃપા કરી જણાવશો.

**યતિધર્મ**—ભદ્ર, જે હેતુથી તમારૂં ગમન છે, તેજ હેતુથી મારૂં પણ ગમન છે, આ વખતે ભારત વર્ષની જૈન પ્રજાની કોન્ફરન્સ કુમારપાલની રાજધાનીમાં થવાની છે. એ નગર જૈનોનું ધર્મ નગર છે. ગુર્જરપતિ મહારાજા કુમારપાલની પવિત્ર રાજધાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સૈકડો જિનાલયથી મંડિત છે. ત્યાં પ્રત્યેક શેરીરે આર્હત ધર્મની ઉપાસના થાય છે. શ્રાવકોના વાસસ્થાન જયજિનેંદ્રના નાદથી ગાજે છે. ત્યાં ચતુર્વિધ સંઘની શોભા પૂર્ણ કલાથી પ્રકાશે છે. પટણીઓના આગણામાં જૈન ધર્મના ગીતો ગવાય છે. એ તીર્થભૂમિનો સ્પર્શ કરવાને અનેક પવિત્ર મુનિઓ આવે છે. પ્રત્યેક ઉપાશ્રયોમાં અનગાર મુનિઓની દેશનાઓ પ્રવર્ત્તે છે. અને સઘળે ત્યાં વીરધર્મની વિજયવાણી વિલાસ કરેછે. આવા પવિત્ર તીર્થમાં ભારતની જૈન પ્રજાનો સમાજ એકત્ર થાય, જૈનોની ધાર્મિક અને સાંસારિક ઉન્નતિના માર્ગ શોધાય, વીરધર્મના વિદ્વાનોની વાણીના વિલાસ થાય અને પવિત્ર હૃદયના પટણીઓની સાધર્મિ સેવા સાર્થક થાય, એ મહોત્સવ જોવાની ઉત્કંઠા થઇ છે અને તેથીજ ખાસ સિદ્ધક્ષેત્રમાંથી આ તરફ વિહાર કરી આવ્યોછું.

**શ્રાવકધર્મ**–મહાશય, આપની વાણીએ મને વિશેષ ઉત્સાહ આપ્યો છે. મારી ધારણા પણ તેવીજ છે. જગત્‌ના સમગ્ર સંઘના દર્શન કરવા અને એ પવિત્ર તીર્થની સ્પર્શના કરવા ખાસ કરીને મારૂં આગમન થયું છે. મારા વ્હાલા આશ્રિતોના હૃદયનાં ઉદ્ગાર શ્રવણ કરવા અને તેમના કર્ત્તવ્યની સાર્થકતા જોવાની પણ મારી ધારણા છે.

**યતિધર્મ**--ભદ્ર, જ્યારે આવી ધારણા ધારણ કરોછો, તો પછી હર્ષની સાથે શોકની છાયા કેમ દેખાય છે?

**શ્રાવક ધર્મ**–પૂજ્યશ્રી, શોકની છાયા ધારણ કરવાનું કારણ એ છે કે, મારા આશ્રિત શ્રાવક બંધુઓને પ્રમાદે એવા વશ કરેલા છે, કે, જેઓ તેને કદી પણ છોડી શકતાં નથી. કોન્ફ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રન્સના ત્રણ ત્રણ મહોત્સવો થઇ ગયા, અનેક પ્રકારના નિયમો બાહેર પાડી શ્રાવક પ્રજાને તેમનું ખરૂં કર્ત્તવ્ય દર્શાવ્યું, અને તે ઉપર વિવેચન કરી ખરા નિર્ણય ઉપર આવ્યા, તથાપિ હજુ, મારા આશ્રિતોમાં તે પ્રવર્તન જોવામાં આવતુ નથી. કોન્ફરન્સ ના મંડપમાંથી તેઓ બાહેર નીકળ્યા, એટલે તત્કાલ તેઓ પ્રમાદને વશ થઈ જાય છે. તાલીઓના નાદ સાથેજ તેઓના હૃદય પરથી તે અસર ખસી જાય છે. વ્યવહારના માર્ગની સીડીપર ચડતાંજ તેઓ ભુલી જાય છે. આથી મારા હૃદયમાં શોકની છાયા રહ્યા કરે છે. તેમનો ઉત્સાહ અને તેમના ઉદ્દેશને જોઇ મને અપાર હર્ષ ઉત્પન્ન થાય છે, પણ તેની સાથેજ જયાં તેમના પ્રમાદનું સ્મરણ આવે, એટલે તત્કાલ તે મારો હર્ષ શોકની છાયાથી મલિન થઈ જાય છે

**યતિધર્મ**—ભદ્ર, એવો શોક કરશો નહિં. પ્રમાદ એ આપણા ધર્મનો મોટો શત્રુ છે. જેવો તમારા આશ્રિતોને તે દુઃખ આપે છે, તેવો તે મારા આશ્રિત કેટલાક સાધુઓને પણ દુઃખ આપે છે. કેટલાક મુનિઓ પ્રમાદને વશ થઈ ધાર્મિક કાર્યના સમારંભ કરીશકતા નથી. વિદ્વાન છતાં તેઓ સારા લેખ લખી શકતાનથી, તથાપિ હૃદયમાં આશાને દૂર કરશો નહિં. તમારા આશ્રિતોનો મોટો ભાગ ઊત્સાહી છે. આ કોન્ફરન્સ ના પ્રબલ પુણ્યથી તેઓનો પ્રમાદ દોષ દૂર થઇ જશે. ભદ્ર, નિરૂત્સાહ થશો નહિં.

**શ્રાવક ધર્મ**—માન્યવર, આપના વચનથી મને આશ્વાસન મલે છે મારા હૃદય ને પૂર્ણ આલંબન પ્રાપ્ત થાય છે. તથાપિ જયાંસુધી કોન્ફરન્સના નિયમો અને તેની સુધારણા સ્થાનિક જૈન પ્રજામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્ત્તી નથી, ત્યાં સુધી મને તે વિષેની શંકા રહયા કરે છે. કોન્ફ્રન્સમાં નિયમિત થયેલા કયા વિચારો અમલમાં આવ્યા છે? જીર્ણ પુસ્તકોનો ઊદ્ધાર કરવાનો કયાં આરંભ થાય છે? જૈન કેળવણીને માટે જે વિચાર વારંવાર કરવામાં આવે છે, તેની યોજના કયાં કરી છે? અભ્યાસને માટે જૈન ગ્રંથમાલા કયાં થઈ છે? નિરાશ્રિત જૈનોને મદદ આપવાની ગોઠવણ કેવી રીતે કરી છે? જૈન-ડિરેકટરી ની યોજના સંપૂર્ણ કયાં થઇ છે? હાનિ કારક રીવાજો નાબુદ કયાં થાય છે? પરસ્પર ભ્રાતૃભાવ વધારવામાં શું કર્યું છે? ઈત્યાદિ કાંઈપણ કરવામાં આવતું હોય એમ મારા જાણવામાં નથી; તેમ સાંભલવામાં પણ આવતું નથી. તેથી હૃદયમાં નિરાશા ઊત્પન્ન થાય છે.

**યતિધર્મ**—ભદ્ર, ધીરજ રાખો. તે બધા કામ હળવે હળવે થઈ શકે તેવા છે. કદિ કોઇ કાર્યનો સમારંભ તત્કાલ ન થાય, તેથી કાંઈ નાઉમેદ થવાતું નથી. આંબાના વૃક્ષો લાંબે કાલે પાકે છે. આપણી કોન્ફરન્સ જો એમની એમ પ્રવર્ત્તશે તો તેની અસર જૈન પ્રજામાં થયા વિના રહેશે નહિં. એ કોન્ફરન્સના કર્ત્તવ્યને લોકો હવે થોડા થોડા સમજવા લાગ્યા છે; કોન્ફરન્સથી શા શા લાભ થાય છે? એ પણ લોકોના જાણવામાં આવતું જાય છે, એટલે હવે તેનું સાફલ્ય સત્વર થવા સંભવ છે. ભદ્ર, નિરાશ થશો નહિં. હૃદયમાં ઊત્સાહ રાખો. તમારા આશ્રિત શ્રાવકોનો વિજય થશે અને તેઓની ધર્મકીર્ત્તિ સર્વત્ર પ્રસરશે. હવે કુમારપાલની રાજધાનીમાં એ મહાસમાજના દર્શન કરી આત્માને કૃતાર્થ કરો. પાટણના પવિત્ર તીર્થમાં જગત્ના સંઘરૂપ તીર્થનો સંગમ થાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ ગંગા અને સાગરનો સંગમ છે. પ્રેમથી તેના દર્શન કરી આનંદ પામો.

યતિધર્મના આવા વચન સાંભલી શ્રાવક ધર્મના શરીરમાં આનંદ વ્યાપી ગયો શરીરપર રોમાંચ થઇ ગયા તેણે હર્ષના આવેશથી નીચે પ્રમાણે કહ્યું—

**શ્રાવક ધર્મ**—પરમ પવિત્ર મુનિ ધર્મ, આપના આશાજનક વચન સાંભલી મને અતિ હર્ષ પ્રાપ્ત થાય છે. મારા આશ્રિતોનો ઉદય ક્યારે થાય ? ભારત વર્ષ ઉપર જૈન વર્ગ સર્વ પ્રકારની ઉન્નતિ ક્યારે પ્રાપ્ત કરે ? એ મંગલ દિવસો ક્યારે આવે ? એ વિચારમાંજ મારૂં મન મગ્ન રહે છે. મહાશય, તમારી આશીષ સફલ થાઓ. મારી મનો વૃત્તિમાં કોન્ફરન્સના ઉદયની આશા સતેજ થઈ છે. ભારત વર્ષની જૈન મહા સમાજ સર્વ પ્રકારનો જય પ્રાપ્ત કરશે. એ મહા સમાજ જૈન પ્રજાને તેના ઉદયના માર્ગ દર્શાવશે. જૈન પ્રજા ધાર્મિક અને સાંસારિક ઊન્નતિનું પૂર્ણરીતે પાત્ર થશે. તેનું યશોગાન ભારતની બીજી પ્રજાપણ ગાયા કરશે, અને સર્વ સ્થલે તેનું અનુકરણ કરવામાં આવશે. એવો નિશ્ચય મને આશાસાથે થતો આવે છે. મહાશય, હવે પાટણમાં તેઓ શું શું કર્ત્તવ્ય કરવાના ? તે મારે જાણવાનું છે. જો આપે કોઈ સ્થલે શ્રવણ કર્યું હોય તો સંભલાવવા કૃપા કરો.

**યતિધર્મ**—ભદ્ર, ફાલ્ગુન માસની દ્વિતીયાથી માંડિને ચતુર્થી સુધી એ મહાસમાજ કુમારપાળની રાજધાનીમાં એકત્ર થવાનો છે. તેમના સત્કાર ને માટે પટણીઓએ ઊત્તમ પ્રકારની ગોઠવણ કરેલી છે. પાટણની પવિત્ર ભૂમિ જગતના સમગ્ર સંઘની સેવા કર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાને ઉત્સુક થઇ રહી છે. કોન્ફરન્સના પ્રમુખ ના સિંહાસન પર જૈન વર્ગમાં પ્રખ્યાતિ પામેલા શેઠ **વીરચંદ દીપચંદ** સી, આઈ, ઇ, જે, પી, ની નિમણુક થઈ ગઇ છે. એ વીરધર્મના ધારક અને જૈન પ્રજાના અગ્રેસર વીર છે. અને ભારતપતિ મહારાજા ના રાજ્યમાં પ્રતિષ્ટા પાત્ર થયેલા છે. આ વખતે જે વિષયો ચર્ચવાના છે, તેમાં સર્વથી પ્રથમ પદ કેળવણીને આપવામાં આવ્યું છે, એ વિશેષ ખુશી થવા જેવું છે. ધાર્મિક અને સાંસારિક કેળવણી જૈન પ્રજા સારી રીતે સંપાદન કરે તેને માટે ઉત્તમ યોજના કરવાને કોન્ફરન્સ ધારણા કરે છે. જૈન વર્ગમાં ધાર્મિક કેલવણી સંપાદન થાય, તેવી વાંચનમાલા તૈયાર કરાવાની યોજના સત્વર કરાવા જૈન કોન્ફરન્સ ઈચ્છા કરે છે.

**શ્રાવક ધર્મ**—શ્રી પૂજ્ય મહાશય, એ વાત ખુશી થવા જેવી છે. આર્હત ધર્મનો ઉદય જ્ઞાન ઉપરજ છે. તે જ્ઞાનની ઉપાસના કરવાથીજ જૈનોને પોતાની પૂર્વ સ્થિતિ પ્રાપ્ત થવાની છે, તે જ્ઞાન કેવલ ધાર્મિક નહિં પણ સાંસારિક હોવું જોઈએ. તમારા આશ્રિત મુનિઓ વિરતિ ધર્મના ઉપાસક હોવાથી સાંસારિક વિષયથી વિમુખ રહયા છે, તેથી સાંસારિક જ્ઞાનના સાધનો શ્રાવક પ્રજાને તેમનાથી મલી શકતા નથી. તથાપિ જૈનોની પ્રાચીન ગ્રંથ સમૃદ્ધિમાં એ વિષય નથી એમ નથી. પૂર્વાચાર્યોએ **ધર્મબિંદુ** અને **ધર્મ સંગ્રહ** જેવા ગ્રંથોમાં સાંસારિક કેળવણી ના સાધનો દર્શાવ્યા છે. તે વિષય ને પલ્લવિત કરી જૈન ગૃહસ્થ વિદ્વાનોએ જૈન પ્રજાને સાંસારિક વાંચન સંપાદન કરાવવું જોઇએ, પણ દીલગીરી થાય છે કે, વર્ત્તમાન કાલે મારા જૈન ગ્રેજ્યુએટો પ્રમાદમાં પડયા રહે છે. સારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ડીગ્રી સંપાદન કરી બીજા માર્ગો તરફ દોરાઇ જાય છે. અન્ય ધર્મના ગ્રેજ્યુએટોએ ભારતની તે ધર્મની પ્રજાને જે લાભ આપ્યો છે, તેવો લાભ હજુ કોઇ પણ જૈન ગ્રેજ્યુએટે આપ્યો નથી, એ કેવી દિલગીરી! આજ કાલ વિશ્વવિદ્યાલયમાંથી[1] જૈન ગ્રેજ્યુએટોની પણ નાની સંખ્યા બાહેર પડતી જાય છે, નવીન ગ્રેજ્યુએટોએ અને પૂર્વના ગ્રેજ્યુએટોએ હજુ કાંઇ પણ કર્યું નથી. આર્હત ધર્મના ગ્રંથોમાંથી નવીન પદ્ધતી રૂપે કાંઇ પણ જૈન સમાજને ઉપયોગી થાય, તેવા લેખો લખ્યા નથી પ્રાચીન ગ્રંથોના ભાષાંતરો નવી પદ્ધતી ઉપર લખી આર્હત પ્રજાની આગલ ધર્યા નથી, તેમજ અન્ય ધર્મની પ્રજા અંજાઇ જાય, તેવા વિદ્વત્તા ભરેલા ધાર્મિક કે સાંસારિકનોવેલો લખી જૈન પ્રજાના ગૃહ, ધર્મ ને સુધારો મલે તેવું કાંઇ પણ કર્યું નથી. પૂજ્ય મહાશય, આ વિષે મને ઘણો અફશોષ થાય છે. હવે જૈન કોન્ફરન્સે કેલવણીને અગ્રપદ આપ્યું છે, તેથી એવી આશા હું ધારણ કરૂં છું અને મારા આશ્રિત જૈન ગ્રેજ્યુએટોને વિનંતિ કરૂં છું કે, તેઓ પોતાની વિદ્વત્તાનો લાભ જૈન પ્રજાને આપવા કોન્ફરન્સદ્વારા આગળ પડે. પૂજ્યવર્ય, કહો, તે શિવાય બીજા કયા વિષયો ચર્ચવાના છે?

**યતિધર્મ**—શ્રાવકધર્મ, શ્રવણ કરો, જીર્ણ મંદિરોનો ઉદ્ધાર, પ્રાચીન જીર્ણ પુસ્તકોનો ઉદ્ધાર અને જૈન શાલોપયોગી પુસ્તકોની યોજના આ ત્રણ વિષય પુનઃ પુનઃ ચર્ચવાના છે. જો કે તે વિષયો વારંવાર ચર્ચાવામાં આવે છે, પણ તેઓ અતિ ઉપયોગી હોવાથી જ્યાં સુધી તે વિષયોનો પૂર્ણ રીતે અમલ થાય નહિં ત્યાંસુધી પુનઃ પુનઃ તે વિષયોનું સ્મરણ જૈન ગૃહસ્થોને કરાવવું યોગ્ય છે.

૧ યુનિવર્સીટી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રાવકધર્મ**—( જરા અફશોષ કરી ) પૂજ્યવર; આ સાંભલી મારા હૃદયમાં પાછો શોક ઉત્પન્ન થાય છે. અહા ! શું મારા જૈનોને વારંવાર સ્મરણ કરાવવું પડે, એ કેવી વાત? આ ચોથી વાર તેમના સ્મૃતિમાર્ગમાં આવ્યું, તથાપિ હજુ તેવાં ઉપયોગી કાર્યનો કેમ અમલ થતો નથી ? જીર્ણ મંદિરોના અને પ્રાચીન જીર્ણ પુસ્તકોના ઉદ્ધારને માટે એક ખાસ કમિટી નીમી તેના ધારાઓ કેમ ઘડાતા નથી ? તે કાર્યને માટે દ્રવ્યનો સંગ્રહ કરી તેનો સમારંભ કેમ થતો નથી ? જૈનોની સ્થિતિનો વિચાર કરતાં જેવા તેઓ નિર્ધન છે, તેવા ધનાઢ્ય પણ છે. તે સાથે પ્રતિવર્ષે બીજા કાર્યોમાં હજારો દ્રવ્યનો વ્યય જૈનવર્ગમાં થયા કરે છે, તો આ ધાર્મિક અને ઉપયોગી ખાતાનો અમલ કરવા તેઓ કેમ પછાત રહે છે ? તે કાંઇ સમજાતું નથી. વિચાર કરતાં માલુમ પડે છે કે, એ અવસર્પિણી કાલનોજ પ્રભાવ છે. હવે આ કુમારપાલની રાજધાનીમાં એ વિચાર સફલ થાઓ. આશા છે કે પાટણની પવિત્ર ભૂમિના વિચારો નિષ્ફલ નહિં થાય. આ ભૂમિમાં દર્શાવેલા વિચારો અભિગ્રહ રૂપજ છે. આ કોન્ફરન્સના વક્તાઓના પ્રતિધ્વનિ પાટણના ચૈત્યમંદિરોમા પડશે અને તે ચમત્કારિ અર્હંત પ્રતિમાંઓના શાસનદેવતાની સન્મુખ અભિગ્રહરૂપ થશેજ.

**યતિધર્મ**—ભદ્ર, નિશ્ચિંત રહો, તમારા મનોરથ સિદ્ધ થશે. આ વખતનો મહાસમાજ આશાજનક છે. પાટણની તીર્થભૂમિ પ્રતાપી છે. કુમારપાળની રાજધાનીમાં વચનભંગ નહિજ થાય. વલી મારા આશ્રિત વિદ્વાન્ મુનિઓ ત્યાં સાનિધ્ય છે. કોન્ફરન્સના મહત્ કાર્યને તેઓ અનુમોદન આપશે. પાટણના ઉપાશ્રયની ભૂમિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં તેમની દેશનાના ધ્વનિ થયા કરે છે અને તે ધ્વનિના પ્રત્યેક વર્ણ ભારતની જૈન મહા સમાજની સ્તુતિથી ભરેલા છે. જૈન કોન્ફ્રન્સનો પવિત્ર હેતુ સિદ્ધ કરવાનેજ મારા મુનિઓ સતત મથ્યા કરે છે. તેમની મનોવૃત્તિમાં કોન્ફરન્સના ઉદયનો સિદ્ધાંત રમી રહ્યો છે. તેમાં ખાસ કરીને ન્યાયાંભોનિધિ આચાર્ય શ્રી આત્મારામજીનો પરિવાર તે મહત્ કાર્યની અનુમોદના કરનારો છે. ભારત વર્ષના ઘણા ભાગોમાં એ પરિવાર વિહાર કરી કરી કોન્ફરન્સના ઉદયનો ઉપદેશ આપે છે.

**શ્રાવક ધર્મ**—માન્યવર, તમારા વચનથી મને પૂર્ણ સંતોષ પ્રાપ્ત થયો છે. જ્યારે તમારા આશ્રિત મુનિઓ બદ્ધપરિકર થશે તો પછી કોન્ફરન્સ ઉદર ગિરિના શિખર ઉપરજ છે, એમ સમજવું. કહો, આ વખતે કોન્ફરન્સમાં બીજું શું કર્ત્તવ્ય થવાનું છે?

**યતિધર્મ**—ભદ્ર, આ વખતે પ્રાચીન જૈન સાહિત્યો અને શિલા લેખોની શોધ—એ બે વિભાગના જુદા જુદા વિવેચન થવાના છે. તે સાથે જીવદયાના વિષયને પુષ્ટિ કરવા બાબત પણ ચર્ચા થવાની છે આ ત્રણે વિષયોને માટે પુર્વે જરા જરા દિગ્દર્શન થયું હતું, પણ આ વખતે ખાસ કરીને તેનું પૂર્ણ વિવેચન થવાનું છે. જીર્ણ પુસ્તકોના ઉદ્ધારમાં પ્રાચીન જૈન સાહિત્યનો સમાવેશ થઈ શકે તેમ છે, તથાપિ જૈન સાહિત્ય ગુજરાતના ઇતિહાસને અને જગત્ના વ્યવહાર ધર્મને દર્શાવનારૂં હોવાથી તેના વિવિધ વિષયના ગ્રંથોનો શોધ કરી ઉદ્ધાર કરાવાની પૂર્ણ આવશ્યકતા છે. જેવી રીતે અન્ય મતનાં સાહિત્ય ગ્રંથો સરકારી યુનિવર્સીટી તરફથી અભ્યાસિઓને શીખવવાને આગલ મૂકવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે છે, તેવી રીતે જૈન સાહિત્યના ગ્રંથો શા માટે આગલ મુકી ન શકાય ? તે યોજના અવશ્ય કરવા યોગ્ય છે; જેને માટે આપણા દિગંબરી જૈનોએ સ્તુત્ય પ્રયાસ કર્યો છે અને તેને અભિનંદન આપી આપણે પણ પ્રયાસ કરવો જોઈએ. જૈન સાહિત્ય જેવી રીતે ખીલાવવું હોય તેવી રીતે ખીલાવી શકાય તેવું છે, અન્યમતના પંચમહાકાવ્યો અને કાદંબરી વિગેરે આખ્યાયિકાના ગ્રંથોની હરીફાઈ કરી શકે તેવા જૈન સાહિત્યના ગ્રંથો વિદ્યમાન છે, તેમનું સંશોધન કરાવી ટીકા વિવરણ સાથે પ્રસિદ્ધ કરવામાં આવે તો શા માટે યુનિવર્સીટીમાં માન્ય ન થાય ? પણ તેવો પ્રયાસ પૂર્ણ ઉત્સાહથી કરવામાં આવતો નથી, તેમાં કોન્ફરન્સની સાથે મારા આશ્રિત મુનિઓ અને તમારા આશ્રિત ગ્રેજ્યુએટો ના પ્રમાદનોજ દોષ છે. જીવદયાનો વિષય જૈનધર્મનો મૂલ પાયો છે. એ વિષયને લઇનેજ દયાધર્મ રૂપ કલ્પવૃક્ષ ટકી રહ્યું છે, તેને માટે જેટલું કરીએ તેટલું થોડું છે. ભદ્ર, નિશ્ચિંત રહેજો. હૃદયમાંઅધૈર્ય ધરશો નહીં. પાટણની પવિત્ર ભૂમિના શાસનદેવતા, એ કાર્યને અનુમોદન આપશે અને આપણા આશ્રિતોના પ્રમાદને શુભ પ્રેરણા કરી દૂર કરાવશે.

**શ્રાવક ધર્મ**—મહાશય, પ્રથમ તો તેને માટે મને મોટી ચિંતા થતી હતી પણ છેવટના આપના ઉત્સાહી અને આશાજનક વચનોથી મારામાં પૂર્ણ ધૈર્ય ઉત્પન્ન થયું છે. પાટણનગરની અવનિ આર્હત ધર્મથી પવિત્ર છે. તે ભૂમિમાં શાસન દેવતા જાગ્રત છે, અવશ્ય શુભ પ્રેરણા થવાનીજ. આવી પવિત્ર તીર્થ ભૂમિમાં આવીને કયો વીર પુત્ર નિષ્ફળ થશે ? કોની વાણીમાં મૃષાવાદનો દોષ લાગુ પડશે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવું બનેજ નહીં. જે ખરેખરો શુદ્ધ જૈન હોય, જે સનાતન ધર્મનો પૂર્ણ રાગી હોય, તે તો આ ક્ષેત્રમાં સફળ થયા વિના રહેજ નહિં. જ્યારે આવા ક્ષેત્રમાં આવીને જૈન કોન્ફરન્સના નિયમોને માન ન આપે, તેની અનુમોદના ન કરે તો પછી તે શુદ્ધ જૈન શેનો ? પછી શુદ્ધ જૈન અને જૈનાભાસમાં શો તફાવત ? કહો, તે પછી બીજા કયા વિષયની ચર્ચા થવાની છે ?

**યતિધર્મ**—ભદ્ર, તે પછી એક અગત્યનો વિષય ચર્ચાવાનો છે. તે મારા આશ્રિત મુનિરાજાઓની કોન્ફરન્સ ભરવા બાબત છે. આ ઉપયોગી બાબત વિષે વિચાર કરતાં અવસર્પિણી કાલનો મહિમા આગળ થાય છે. મારા આશ્રિત મુનિઓના અંતરંગ જુદા જુદા છે. તેઓને પ્રમાદ અને માન એ બે મહાયોદ્ધાઓએ વશ કરી લીધા છે. જ્યાં પ્રમાદ નહિં હોય, ત્યાં માન હશે અને જ્યાં માન નહિં હોય, ત્યાં પ્રમાદ હશે. જ્યાં બંને નહિં હોય ત્યાં એ કાર્ય કરવાની અશક્યતા હશે. અને તેવી સંખ્યા થોડી હશે. ભદ્ર, જેમ તમને તમારા આશ્રિત શ્રાવકો તરફ જોતાં કાંઇક શોકની છાયા પ્રાપ્ત થાય છે, તેમ મને પણ એ વિચાર કરતાં શોકની છાયા પ્રાપ્ત થાય છે. કેટલાક મને પૂર્ણ માન આપેછે, તેમજ મારી તરફ માન દૃષ્ટિથી નહિં જોનારાઓની પણ કેટલીક સંખ્યા છે, તથાપિ હું તદન નિરાશ થતો નથી. મારા આશ્રિત મુનિઓ એટલું તો સમજે છે કે, મુનિઓમાં જો ઐક્ય હશે તો વીર ધર્મનો વિજય સત્વર થઇ શકશે. જ્યારે મુનિઓમાં ભ્રાતૃભાવ પ્રવર્ત્તશે ત્યારે કોન્ફરન્સનું સર્વ કર્ત્તવ્ય સાર્થક થયા વિના રહેશે નહિં. હું આશા રાખું છું કે, ભારતવર્ષના ધર્માલંકાર, ચારિત્રથી સુશોભિત અને વિદ્વાન્ મુનિવરો કોન્ફરન્સના એ વિચારને અનુમોદન આપી તન મનથી પ્રવર્ત્તન કરવા તત્પર થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શ્રાવકધર્મ**—માન્યવર, એ વિષયની ચર્ચા અવશ્ય કરી પ્રવર્ત્તનમાં મુકાય તેવી યોજના કરવા યોગ્ય છે. જો અનગારસમાજ એકઠો થાય અને તેમના વિચારો ઉપદેશ દ્વારા ભારતવર્ષની જૈન પ્રજા ઉપર પ્રવર્ત્તે તો સર્વ આર્ય ધર્મોમાં ચક્રવર્તીનું પદ જૈનધર્મનેજ પ્રાપ્ત થાય. અને કોન્ફરન્સનું મહા કર્ત્તવ્ય સત્વર પરિપૂર્ણ થવાની પૂર્ણ આશા બંધાય. દેવાનુંપ્રિય ભગવન્, એવા શુભ દિવસો ક્યારે આવશે ? કે જેમાં ભારતવર્ષના ભવ્ય મુનિમહારાજાઓના મહા મંડલના પવિત્ર દર્શન પ્રાપ્ત થાય. જેમાં મુનિવરોની માનનીય મૂર્ત્તિઓ રજોહરણ, દંડ, કંબલ અને મુખવસ્ત્રિકા એ યુક્ત શ્રેણીબંધ બીરાજે અને તેમના મનોહર સમાજથી મહા મંડપની અવર્ણનીય શોભા જોવામાં આવે, તે સમય ક્યારે પ્રાપ્ત થશે? જૈન પ્રજાના તેવા ભાગ્ય દૂર હશે નહિં. હવે તે સમય સત્વર આવે અને અવસર્પિણી કાલનો મહિમા પરાભવ પામે—એવી અંતરંગ ઇચ્છા થયા કરે છે.

**યતિધર્મ**—ભદ્ર, તમારા મનોરથ શાસન દેવતા સફલ કરશે. કાલની ગતિ અકલિત છે. તેવો સમય પણ કદાચિત્ પ્રાપ્ત થઇ જાય, કે મુનિમહારાજાઓની કોન્ફરન્સ એકત્ર થાય અને તેના દર્શન કરવાને આપણે આ વખતની જેમ હર્ષભર એકઠા થઈએ. મારા આશ્રિત મુનિવરો કોન્ફરન્સનું મહત્વ સમજે છે; તેથી એ આશારૂપ લતાનું ઉન્મૂલન કરવું યોગ્ય નથી. શાસન દેવતા તેમના પવિત્ર હૃદયમાં ઉત્તમ પ્રેરણા પ્રવર્ત્તાવો.

**શ્રાવકધર્મ**—માન્યવર, આપના વચન રૂપ અમૃતનું સિંચન મારી આશા લતાને પ્રાપ્ત થયું છે. તેથી એ લતા નિર્મૂલ નહિ થાય. કહો, બીજા ક્યા વિષયોની ચર્ચા થવાની છે ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**યતિધર્મ**—ધાર્મિક ખાતાઓના હિસાબ પ્રગટ કરવા બાબત, નિરાધાર સ્વધર્મીને આશ્રય આપવા બાબત અને જૈન બંધુઓને રાજકીય કોર્ટે ન ચડતાં બીજા સુલેહને માર્ગે સમાધાની કરવા બાબતના વિષયો ચર્ચાવાના છે. એ ત્રણ વિષયો જૈન વર્ગને ખરેખરા સ્મરણમાં રખાવા યોગ્ય છે. ધાર્મિક ખાતાઓમાં ગાઢ અંધકાર પ્રવર્ત્તે છે; અને અવ્યવસ્થા ઘણી ચાલે છે. આ બાબત સત્વર ઉપાયો લેવાની જરૂર છે. તે ખાતાઓના હિસાબ પ્રગટ કરવાને માટે એવી યોજના થવી જોઈએ કે તેની વ્યવસ્થા જોવાને ખાસ કમિટી નિમવામાં આવે, અને તે વિષેના વાર્ષિક રીપોર્ટો બાહેર પાડવામાં આવે તો એ અંધકાર દૂર થઈ જશે. નિરાધાર જૈન પ્રજાને સહાય કરવા માટે ઘણો વખત થયા મોટી ચર્ચા ચાલે છે તથાપિ તેને માટે હજુ નિયમિત ધોરણ સ્થાપિત થતું નથી, એ અવસર્પિણી કાલનો મહિમા છે. બીચારા દીન અને દુઃખી શ્રાવકો ઉદ્યોગ વિના અથડાય છે. જૈન પ્રજાના હાથમાં આર્યાવર્ત્તનો મોટો વ્યાપાર ચાલે છે અને મોટા શ્રીમંતોની પેઢીઓ વિશ્વમાં પ્રખ્યાતિ પામેલી છે, તથાપિ તેમના સાધર્મી બંધુઓની દયાજનક સ્થિતિ દૂર થતી નથી, એ કેવા અપશોષની વાત ? આ સાર્વજનિક દુઃખ દૂર કરવા કોન્ફરન્સ મથે છે, તથાપિ તેની ઉત્તમ પ્રકારની યોજના થઈ શકતી નથી, એ કાલનો પ્રભાવ છે. નિરાધાર શ્રાવકોને ઉદ્યમ આપી તેમને દુઃખમાંથી મુક્ત કરવા એ સર્વ જૈન બંધુઓની ફરજ છે. ખરેખરૂ, સ્વામિવાત્સલ્ય અને ખરેખરી સાધર્મી ભક્તિ તેજ છે; કે જેનાથી પોતાના દુઃખી જૈન બંધુઓનો ઉદ્ધાર થાય. આજ કાલ બ્રિટીશ રાજ્યમાં પૂરતો ન્યાય મળે છે અને તેને માટે તેની પ્રસંશા સર્વથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ રહી છે, પણ તે મેળવવાને માટે દ્રવ્યનો વ્યય વિશેષ થાયછે; આથી કૉર્ટની અંદર જય પરાજય કરવામાં મોટી હાનિ થાય છે માટે જૈન ગૃહસ્થો એવો ન્યાય મેળવવાને કૉર્ટમાં ન જાય અને તે ન્યાય બીજી રીતે પંચ પાસેથી મેલવાય એવી અમુક યોજના કરવાની જરૂર છે. તે શિવાય હાનિકારક રીવાજો બંધ કરવા બાબત, સંપની વૃદ્ધિ કરવા બાબત, સ્વદેશી હીલચાલને ઉત્તેજન આપવા બાબત, અને જૈનોના ધાર્મિક તહેવારોની જાહેર રજા પળાવા બાબત,—ઈત્યાદિ ઘણાં ઉપયોગી વિષયો ચર્ચાવાના છે. આ વિષયો કૉન્ફરન્સના મુખ્ય કર્ત્તવ્ય રૂપે છે, તેમાં કાંઇપણ શંકા જેવું નથી હાનિકારક રીવાજોને માટે કૉન્ફરન્સની યોજના ઘણી પ્રબલ છે. પણ અંધપરંપરાએ ચાલવાના સ્વભાવવાળી જૈન કોમ હજું તેમાંથી મુક્ત થઈ શકતી નથી, એ અવસર્પિણી કાલનો પ્રભાવ છે. તથાપિ એટલી સંતોષની વાર્ત્તા છે કે, ઘણાં ધર્મવીરો હાનિકારક રીવાજો ઉચ્છેદ કરવાને આગળ પડયા છે; અને પડતા જાય છે. જૈન લગ્ન વિધિનો પ્રચાર કરવામાં અનેક વીરપુત્રો તૈયાર થાય છે, પણ તેમને અનેક જાતના વિઘ્નો આડા આવે છે. કેટલાએક વિઘ્નો તો જૈન વર્ગ તરફથીજ ઉત્પન્ન થાય છે, એ વિશેષ દિલગીરીની વાત છે. ભદ્ર, શોક કરશો નહિં ઉદયનો સમય નજીક આવે છે. કુમારપાળની રાજધાનીમાં કૉન્ફરન્સનો રંગ સારો થશે. આપણા હૃદયમાં સંતોષ પ્રાપ્ત થવાની આશા છે અને તે આશા આ તીર્થભૂમિમાં સફળ થશેજ.

**શ્રાવકધર્મ**—મુનિધર્મ, તમારા વચન ઉપર મને વિશ્વાસ છે, આપે જે વિષયોની ચર્ચા વિષે કહ્યું, તે વિષયો મારા આશ્રિતોને ઉન્નતિના માર્ગમાં ઘણાં ઉપયોગી છે. હવે જોઇએ શું થાય છે?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાટણની ભૂમિનો પ્રભાવ અલૌકિક છે. વીરપુત્રોનું પરાક્રમ આ સ્થળે જોવાનું છે. આ વખતની પ્રમુખ પદવી એક બાહોશ અને રાજમાન્ય પુરૂષને મલી છે; તેપણ જોવાનું છે. ભારતવર્ષના જૈન અગ્રેસરો આ વખતે કેવું શૌર્ય દેખાડે છે ? તે આપણે તટસ્થ રહીને જોઇએ. પછી આપણે તેમના પરાક્રમની પ્રશંસા કરી પૂર્ણ સંતોષ પામશું. જૈનશાસનના પ્રભાવિક દેવતાઓ તેમને સહાય કરો. અપૂર્ણ.

# જૈન સોળ સંસ્કાર.

## ૨ પુંસવન સંસ્કાર.

આ સંસ્કાર ગર્ભાધાન સંસ્કાર પછી કરવામાં આવે છે. ગર્ભવતી સ્ત્રીને અનેક જાતના દોહદ ( મનોરથ ) થાય છે, તે દોહદ તેના પતિ તરફથી પૂર્ણ થયા પછી આ સંસ્કારની યોગ્યતા થાય છે. એટલે ગર્ભ રહ્યા પછી આઠ માસે આ સંસ્કારનો કાલ છે. જ્યારે શ્રાવિકાના ઉદરમાં ગર્ભ સાંગોપાંગ રીતે ઉત્પન્ન થાય તેના શરીરમાં પૂર્ણમાં પ્રાપ્ત થાય, તેના હર્ષ રૂપે ગર્ભિણીના સ્તનમાં દૂધની ઉત્પત્તિને આ સંસ્કાર સૂચવે છે. લૌકિકમાં તો પુરૂષ ગર્ભની સૂચનાને માટે આ ગર્ભની આવશ્યકતા જણાવી છે.

આ સંસ્કારના પ્રભાવથી માતાના સ્તનમાં રહેલા દૂધની શુદ્ધિ થાયછે અને તે શુદ્ધ સ્તનપાનથી ભવિષ્યમાં તે ગર્ભ જનિત પ્રાણીમાં ઉત્તમ ગુણનો આરોપ થવાનો પૂર્ણ સંભવ છે. આ સંસ્કારની ક્રિયા કરવાનો કાલ પણ તેને પરિપૂર્ણ પુષ્ટિ આપે છે. આર્હત જ્યોતિઃશાસ્ત્રમાં તિથિ, નક્ષત્ર અને ગ્રહબલ જોવાનો હેતુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉત્તમ કહેલો છે. આ સંસ્કારને માટે પણ તેવો શુદ્ધ કાલ જોવાનો છે. મૂલ, પુનર્વસુ, પુષ્ય, હસ્ત મૃગશિર, શ્રવણ,—એ નક્ષત્રો મંગલ, ગુરૂ અને રવિ એ વાર અને રિક્તા, દગ્ધા ક્રૂરા, ક્ષયતિથિ છઠ, આઠમ,અને અમાવાસ્યા એ શિવાયની તિથિ એ કાલે પુંસવન સંસ્કાર કરી શકાય છે. તે દિવસે ગર્ભિણીના પતિને ચંદ્રનું બલ પણ જોવાને કહેલું છે. બીજા કોઇ જાતના અવયોગ હોય તે નો ત્યાગ કરી તેવા શુદ્ધ સમયે આ પવિત્ર સંસ્કાર કરવામાં આવે છે.

જે દિવસે આ સંસ્કાર કરવાનો હોય તે દિવસે ગર્ભવંતી શ્રાવિકાને ગર્ભાધાન સંસ્કારના જેવો સુંદર પોશાક પહેરાવવામાં આવે છે. રાત્રિને ચોથે પોહોરે તારા દેખાતા હોય, તે વખતે ગર્ભવતી શ્રાવિકાને અભિષેક સ્નાન કરાવાય છે. તે વખતે ગીતગાન પૂર્વક સૌભાગ્યવતી સ્ત્રીઓએ અંગ ચોળીને સ્નાન કરાવવું જોઈએ, સ્નાન કરી સુંદર વસ્ત્રાલંકાર ધારણ કરતી તે ગર્ભવતી શ્રાવિકાને ગૃહસ્થ ગુરૂ મંગલ તિલક કરી ચૈત્યમાં લઈ જાય છે.

ત્યાં પ્રભાતકાલે ગર્ભવતી શ્રાવિકાને સાક્ષી તરીકે રાખી તે સ્ત્રીનો પતિ, અથવા દીયર વા કોઈ તેના કુલનો પુરૂષ અથવા તો ગૃહી ગુરૂ પંચામૃત વડે તે પ્રતિમાને વૃહત્ સ્નાત્રવિધિથી સ્નાન કરાવે છે. તે પછી સહસ્ર મૂલ અને તે પછી પ્રતિમાને તીર્થોદકથી સ્નાન કરાવે છે. આ સર્વ સ્નાત્ર જલને સુવર્ણના, રૂપાના કે તાંબા વિગેરેના પાત્રમાં લઇ ચૈત્યગૃહની બાહેર આવે ત્યારબાદ તે ગર્ભવતી શ્રાવિકાને શુભ આસન ઉપર બેસારવામાં આવે છે તે સમયે તે શ્રાવકરમણીનો પતિ, દીયર કે કુલ પુરૂષને સાક્ષી રાખી ગૃહસ્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ દક્ષિણ હાથમાં દર્ભ લઈ તેના અગ્ર ભાગ વડે તે સ્નાત્રજલ ગર્ભિણીના સ્તન અને મસ્તકપર સિંચન કરે છે. આ વખતે જૈન વેદનો પવિત્ર મંત્ર બોલવામાં આવેછે.

આ પવિત્ર સંસ્કારના મંત્રનું રહસ્ય ઉત્તમ પ્રકારનું છે. એ મંત્રથી ગર્ભમાં રહેલા જીવાત્માને જૈનતત્વનું સ્વરૂપ સમજાવી ઉત્તમ પ્રકારની આશીષ આપવામાં આવે છે. મંત્રના આરંભમાંજ સૂચવ્યું છે કે, તીર્થંકર નામકર્મ બાંધીને સુર અસુરોના ઇંદ્રોને પૂજ્ય થયેલા શ્રી અર્હંત પ્રભુને નમસ્કાર છે. આથી સૂચવ્યું કે, શ્રી અર્હંત પ્રભુ પણ ગર્ભમાં આવેલ, તથાપિ તેઓ ઉત્તમ કર્મ બાંધીને પૂજ્ય થયેલા છે. તેમ હે જીવ, તું ગર્ભમાં આવ્યો છું તો ઉત્તમ પ્રકારના કર્મ બાંધજે. પછી ગર્ભજંતુને ઉદ્દેશીને કહેવામાં આવ્યું છે કે, હે આત્મા, તું આયુઃ કર્મના બંધથી આ મનુષ્ય જન્મના ગર્ભાવાસમાં આવ્યો છું. તારે હવે શું કરવાનું છે? તે વિચારજે. ફરીવાર જન્મ, જરા, મૃત્યુ અને ગર્ભાવાસ પ્રાપ્ત ન થાય તેવા ઉપાયો કર્ય. શ્રી અર્હંત પ્રભુના ધર્મને પ્રાપ્તકર્ય, અર્હંતનો ભકત થા, અને સમ્કત્વમાં નિશ્ચલ રહે. હે જીવાત્મા, આવી રીતે રહેવાથી તું તારા શ્રાવક કુલમાં આભૂષણ રૂપ થઇશ. આ પ્રમાણે મંત્રથી સૂચના કરી પુનઃ તે વિશેષ જણાવે છે કે, "હે પ્રાણી, હવે આ ગર્ભવાસમાંથી તારો જન્મ થાઓ. તું શ્રાવકનો કુમાર હોવાથી તારા માતાપિતાનો અને તારા શ્રાવકકુલનો ઉદય થાઓ," આ પ્રમાણે કહીને ગૃહીગુરૂ મંત્રાક્ષરવડે આશીષ ઉચ્ચારે છે, હે જીવાત્મા, તને હમેશા શાંતિ, પુષ્ટિ, તુષ્ટિ, ઋદ્ધિ, અને કાંતિ પ્રાપ્ત થાઓ." આવી ઊત્તમ આશીષ ગર્ભગત જીવા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમોને મંત્રાક્ષર દ્વારા મલે છે. એથી આ સંસ્કારનો પવિત્ર હેતુ કેવો પ્રશંસનીય છે? તેનો ખ્યાલ આવશે. શ્રાવકધર્મના પ્રત્યેક સંસ્કારમાં ઘણું ઉત્તમ રહસ્ય સમાએલું છે. પુંસવનસંસ્કારનો પ્રભાવ ગર્ભના જંતુને ઘણી અસર કરે છે. એ સંસ્કારના માંત્રિક પ્રભાવથી ભવિષ્યમાં તેનામાં શ્રાવકપણાના સદાચાર સ્ફુરે છે અને છેવટે ગર્ભાવાસના દુઃખમાંથી મુક્ત થવાનો માર્ગ સુઝે છે. એજ જૈન સંસ્કારની ખરી ખુબી છે.

ઉપર પ્રમાણે જે મંત્રનો ભાવાર્થ જણાવ્યો, તે મંત્રને આઠ વાર બોલવો એમ તે વિધિમાં દર્શાવે છે. તે મંત્રનો અભિષેક થયા પછી જેનું સ્તનપય પવિત્ર થયેલું છે એવી રીતે ગર્ભાલંકૃત શ્રાવિકા જાતજાતના આઠ ફલ, આઠ સોના નાણું કે રૂપાનાણું લઈ પ્રભુની પ્રતિમાની આગલ પ્રણામ પૂર્વક અર્પણ કરે પછી ગૃહસ્થ ગુરૂને ચરણમાં નમી બે વસ્ત્રો, આઠ સોના નાણું કે રૂપાનાણું અને આઠ સોપારી સહિત તાંબૂલની ભેટ કરે. પછી પોષધશાલામાં જઇને મુનિઓને વંદના કરી યથાશક્તિ શુદ્ધ અન્ન, વસ્ત્ર કે પાત્રથી પ્રતિલાભિત કરે અને કુલના વૃદ્ધજનને નમસ્કાર કરે. આ પ્રમાણે પુંસવન નામે બીજો સંસ્કાર સમાપ્ત થાય છે.

આ સંસ્કારમાં મંગલ ગીતના ધ્વનિ સાથે ઉત્તમ પ્રકારનો આનંદ પ્રવર્ત્તાવવામાં આવે છે. શ્રાવકના કુલ ધર્મ પ્રમાણે જે સદાચાર હોય તે પણ કરવાને માટે શાસ્ત્રકાર છુટ આપે છે. કુલાચાર પ્રમાણે કુલ દેવતા વિગેરેની પૂજા કરવામાં પણ આજ્ઞા કરેલી છે. આવા પવિત્ર સંસ્કારનો જૈન પ્રજામાં લોપ થઇ ગયો, એ કેવી દિલગીરી? જ્યાં સુધી જૈન પ્રજા પોતાના સનાતન સં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્કારનું અવલંબન કરશે નહિં ત્યાં સુધી તેમનો પૂર્ણ અભ્યુદય થવો મુશ્કેલ છે. સંસ્કારના બલથી સમ્યક્ત્વ પ્રબલ થાય છે અને તેથી અનુક્રમે મોક્ષ માર્ગ સંપાદન થઈ શકે છે. અપૂર્ણ.

## ગ્રંથસ્વીકાર.

**धर्मरत्नप्रकरण भाग १ लो**—આ પુસ્તક પાલીતાણાના શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ તરફથી અમોને ઉપહાર તરીકે મળેલું છે, તેને પ્રેમ સહિત સ્વીકારીએ છીએ–આ ગ્રંથ જૈન ધર્મના ગ્રંથકાર તરીકે પ્રખ્યાત થયેલા **શ્રી દેવેંદ્રસુરિએ** રચેલો છે, ગ્રંથ કર્તાના નામ ઉપરથીજ તેની કૃતિ માટે જેટલી પ્રસંશા કરીએ તેટલી થોડી છે. ઉક્ત ગ્રંથકારની કલમ સર્વ સ્થળે કીર્તિવાળી છે. આ ગ્રંથની શૈલી એવી ઉંચી છે કે, જે સહૃદય વાચકોને ઉત્તરોત્તર વિશેષ લાભ આપે છે. અને ધાર્મિક શ્રદ્ધાને ક્ષણે ક્ષણે પ્રબલ કરે છે. ગ્રંથનો લેખ સંસ્કૃત અને માગધી બંને ભાષામાં છે, તેથી આવા ગ્રંથનો લાભ સામાન્ય શિક્ષણ પામેલા મનુષ્યો લઈ શકતા નથી, માટે તેવા ગ્રંથના ભાષાંતરની અવશ્ય જરૂર હતી, તે આ વર્ગે પૂરી પાડી છે. વિશેષ સંતોષની વાત એ છે કે, તેનું મૂળ સાથે ભાષાંતર કરેલું છે. આ ગ્રંથના પ્રથમ ભાગમાં શ્રાવકના એકવીશ ગુણો ઉપર એકવીશ કથાઓ વર્ણવેલી છે. તે કથાઓ ઘણી બોધક, રસિક અને વાચકને આનંદ દાયક છે. ગ્રંથના ઉપોદ્ઘાતમાં મનુષ્ય જન્મ, અને ધર્મરૂપ રત્ન વિષે સારૂં વિવેચન કરેલું છે; જે ધાર્મિક હૃદયને પૂર્ણ પુષ્ટિ આપનારૂં છે. ભાષાંતરની ભાષા સરલ છે, તથાપિ કોઇ કોઇ સ્થળે ભાષાની રસિકતામાં ખામી આવે છે, તે માત્ર ભાષાંતરકારની દેશ ભાષાની શૈલીને લઇને લાગે છે; તથાપિ મૂલનો આશય યથાર્થ લાવવાને સારો પ્રયત્ન કરવામાં આવ્યો છે. ગ્રંથની શુદ્ધિ, છપાઇ સફાઇ અને બંધામણી સારી કરી ગ્રંથના સ્વરૂપને સુંદર બનાવવામાં આવ્યું છે, તે છતાં મૂલ્ય સ્વલ્પ છે.

આવા ગ્રંથનો ઉદ્ધાર કરી એ વર્ગે ખરેખરૂં પોતાનું કર્તવ્ય કર્યું છે. તેને પૂર્ણ ધન્યવાદ આપતાં તેવા સ્તુત્ય કાર્યને સંપૂર્ણ સાહાય કરનાર સ્વર્ગસ્થ શેઠ **ખીમસી કરમણના** આજ્ઞાંકિત પુત્રોને પણ અમે પૂર્ણ ધન્યવાદ આપીએ છીએ. અને આવા કાર્યમાં બીજા ગૃહસ્થોને અનુકરણ કરવાની પ્રાર્થના કરી તે વર્ગનો સર્વદા અભ્યુદય ઇચ્છિએ છીએ.

For Private And Personal Use Only